KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233
Continuous Issue-28 | January – March 2017

# 'આર્યશૂરની શતપત્ર જાતકકથામાં સજ્જનપ્રશંસા'

ભારતીય કથાસાહિત્યનાં મૂળ વેદકાળથી પ્રાપ્ત થાય છે. તેમાંનું કેટલુંક કથાસાહિત્ય વેદો, બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો વગેરેમાં નિબદ્ધ હતું. પરંતુ બાકીનું સાહિત્ય સમાંતર એવી મૌખિક પરંપરાથી સમાજમાં લોકસાહિત્ય કે કથાસાહિત્ય રૂપે સંક્રાંત થયું હશે. કેમકે આરણ્યક સંસ્કૃતિ અને સભ્યતાવાળા મનુષ્ય માટે સમાજજીવન પ્રતિદિન ઉમદા વ્યવહારની અપેક્ષાવાળું અને જરૂરિયાતવાળું રહેતું. કદાચ આ જ કારણે સમાજજીવનમાં ઉપયોગી એવા નીતિ, સદાચાર, ઉદ્યમ, સત્ય, દયા, કરુણા અને સ્નેહ વગેરે ગુણોને લગતી લોકકથાઓ ધીમે ધીમે કથાસાહિત્યના સ્વરૂપને પામી હશે. કથાસાહિત્યને વિભાજનની દૃષ્ટિએ જોઈશું તો, ઉપદેશાત્મક લોકસાહિત્ય અને અલંકૃત ગદ્યસાહિત્ય એવા બે મોટા ભાગમાં વહેંચી શકાય. તેમાં પણ તત્કાલિક સામાજિક જરૂરિયાતોને પ્રાધાન્ય આપતું લોકસાહિત્ય વળી ચાર રીતે વિભાજીત થયું છે. તેમાં પ્રથમ ક્રમે જાતકકથાઓ, બીજા ક્રમે પંચતંત્ર અને હિતોપદેશન બોધકથાઓ, ત્રીજા ક્રમે લોકપ્રિય એવી કથાઓ (બૃહત્કથા વગેરે) અને છેવટે મનોરંજક એવી ગદ્યાત્મક કથાઓ (વેતાળ પચ્ચીસી વગેરે)નો સમાવેશ થાય છે.

ઉપર્યુક્ત ચારેય પ્રકારોમાં ઈસવીસન પૂર્વે ત્રીજી શતાબ્દી દરમ્યાન મધ્યપ્રદેશના સાંચી અને ભારહૂતના સ્તૂપોમાં કલાત્મક રીતે કોતરાયેલી બૌદ્ધ જાતકકથાઓ સૌથી પ્રાચીનતમ મનાય છે. કેટલીક ભગવાન બુદ્ધે સ્વયં કહેલી અને બાકીની ભગવાન બુદ્ધના ગુણગ્રાહી જીવન પર આધારિત આ જાતકકથાઓમાં માનવજીવનના ઉત્તમ એવાં નૈતિક મૂલ્યોની વાત જોવા મળે છે. ભગવાન બુદ્ધ પોતાના પૂર્વ અવતારોમાં ક્યારેક કોઈક મહાતપસ્વી, ક્યારેક રાજા, ક્યારેક ઈન્દ્ર અને બ્રાહ્મણ બન્યા હતા. એટલું જ નહીં, મનુષ્યયોનિ ઉપરાંત તેઓએ ક્યારેક શરભ, સિંહ, હાથી, ઘોડા, મહાકપિ, ગીધ, સસલું, તેતર અને શતપત્ર જેવા પક્ષીઓનો અવતાર પણ ધારણ કર્યો હતો. ત્યારે તેમણે અહિંસા, દયા, સ્નેહ, ઉદારતા વગેરે જેવા ગુણોને પોષ્યા હતા અને પોતાની આધ્યાત્મિક ઉન્નતિ સાધી હતી. અનેક જન્મોની તેમની આવી તપ-આરાધનાને કારણે તેઓ ભગવાન બુદ્ધ તરીકે મનુષ્યયોનિમાં જન્મ્યા અને બોધિસત્વ (બુદ્ધત્વ માટે પ્રયત્નશીલ પ્રાણીવિશેષ) તરીકે જગપ્રસિદ્ધ બન્યા.

ભગવાન બુદ્ધ કે બોધિસત્વના પૂર્વ અવતારોની આવી કુલ ૩૪ કથાઓનો સંગ્રહ આર્યશૂર નામના બૌદ્ધ આચાર્યે સંકલિત કર્યો છે, જે હાલ જાતકમાલા નામે પ્રસિદ્ધ છે. તેમાં ભગવાન બુદ્ધે લીધેલા જુદા જુદા પ્રાણીવિશેષોના અવતારોની કથાઓ વિગતે વર્ણવાઈ છે. આ પ્રત્યેક કથા તેના સ્વરૂપની દૃષ્ટિએ એક સ્વતંત્ર કથા તરીકે જોવા મળે છે. કથાના અંતે નૈતિક મૂલ્યોમાંથી સજ્જનની પ્રશંસા, ઉપકારની મહત્તા, દાનનો મહિમા, પરોપકારનું ફળ વગેરે જેવા ગ્રાહ્ય ગુણવિશેષોની વાત કરવામાં આવી છે. આ કથાઓમાં સૌથી છેલ્લી કથા 'શતપત્રજાતક' નામની છે. તેમાં સજ્જનના ગુણોની પ્રશંસા કરવામાં આવી છે. સજ્જન ક્યારેય કોઈનું ખરાબ કરી શકતો નથી, કારણ કે તેને કોઈનું ખરાબ કર્યાનો પૂર્વઅભ્યાસ હોતો જ નથી. એટલે કે કોઈનું ખરાબ કરવું

એ તેના સ્વ-ભાવમાં હોતું જ નથી. આ શતપત્રજાતક કથાનું વિષયવસ્તુ અને તેમાં રહેલા સજ્જનનાં લક્ષણો વિગતે જોઈશું.

**શતપત્રજાતક કથા**

કોઈ એકવાર ભગવાન બુદ્ધ-બોધિસત્વ કોઈક રમણીય વનપ્રદેશમાં રંગબેરંગી પીંછાવાળા શતપત્ર નામના પક્ષી બન્યા. પોતાના પૂર્વ જન્મોમાં તેમણે ઘણોબધો સમય દયા અને કરુણા જેવા ગુણોને ઉપાસ્યા હોવાથી તેઓ કોઈ પણ જીવજંતુની હિંસા કરીને પેટ ભરતા નહીં. માત્ર વિવિધ પ્રકારના સુગંધિત અને રસવાળા ફળફૂલો વડે જ પોતાનો જીવનનિર્વાહ ચલાવતા. દુઃખવાળાઓને યથાયોગ્ય મદદ કરતા, દિવસ દરમ્યાન પ્રાણીઓ સાથે ધર્મની વાતો કરતા અને અનાર્યોને પણ અનિષ્ટોમાંથી ઉગારી લેતા. હરહંમેશ તેમની દિનચર્યા પરોપકાર કરવામાં જ વ્યતીત થતી. આ કારણે બધા વનવાસી પ્રાણીઓ પોતાને જાણે કોઈ અંગત આચાર્ય મળ્યા હોય, પોતાનો ભાઈ કે ઔષધજ્ઞાની વૈદ્ય મળ્યો હોય કે પછી રક્ષક એવો રાજા મળ્યો હોય તેવો પોતીકો આનંદ અનુભવતા અને સુખપૂર્વક જીવન વ્યતીત કરતા. ત્યાં રહેતા પ્રાણીઓનો સમૂહ જેટલો સંખ્યાની દૃષ્ટિએ વધતો એટલો તેમના ગુણસમૂહની દૃષ્ટિએ પણ વધતો. કદાચ આ જ કારણે તેમણે સેવેલા, આચરેલા કે ઉપાસેલા સોએક ગુણગણથી બોધિસત્વનું નામ સાચા અર્થમાં શતપત્ર એવું સાર્થક બન્યું હતું. શત એટલે સો અને પત્ર એટલે પાંખો. અર્થાત્ સો ગુણો ધરાવતા પાંખોધારી પક્ષીવિશેષ એટલે શતપત્ર.

એકવાર આ શતપત્રે વનમાં ફરતા ફરતા અત્યંત વેદનાગ્રસ્ત અને આકળવિકળ એવા એક સિંહને જોયો. જાણે કોઈ શિકારીએ વિષયુક્ત બાણથી વીંધ્યો હોય તેમ તે ધૂળથી ખરડાયેલી કેશવાળીવાળો બનીને જમીન પર તરફડિયાં મારતો હતો. સ્વભાવગત કરુણા અને દયાથી પ્રેરાયેલા શતપત્રે તેની પાસે જઈને વિવેકપૂર્ણ સ્વરે કહ્યું, 'હે મૃગરાજ, તમને આ શું થઈ ગયું છે ? તમારી આ સ્થિતિ કોઈ શોકને લીધે કે પછી વ્યાધબાણથી થઈ છે ? જો મને કહેવા યોગ્ય હોય તો જણાવો, જેથી હું મિત્રભાવે યથાશક્તિ મદદ કરી આપને સુખી કરું.'

સિંહે કહ્યું, 'હે પક્ષીશ્રેષ્ઠ, તું ધન્ય છે. મારી આ અવસ્થા કોઈ પરિશ્રમ, રોગ કે વ્યાધબાણથી નથી થઈ. પરંતુ એક હાડકાનો નાનકડો ટૂકડો મારા ગળામાં એવો ફસાયો છે કે હું નથી તેને ચાવી શકતો કે નથી ગળી શકતો, તેને લીધે મારી આ દુર્દશા થઈ છે. મિત્ર તરીકે મદદ કરવાનો આ જ ખરો સમય છે.' હવે શતપત્રે પોતાની કુશાગ્ર બુદ્ધિને કારણે સિંહના ગળામાં ફસાયેલા હાડકાના ટૂકડાને કાઢવાનો વિચાર કર્યો. તેણે કહ્યું, 'તમે તમારી જેટલી શક્તિ હોય તેટલી વાપરીને તમારું મુખ સારી રીતે પહોળું કરો.' સિંહે તે પ્રમાણે કર્યું. ત્યારે શતપત્રે સિંહની દંતપંક્તિ વચ્ચે એક લાકડાનો ટૂકડો સારી રીતે ગોઠવી દીધો અને ત્યારબાદ સિંહના ગળામાં ઊંડે સુધી પ્રવેશીને ત્રાંસા ભરાઈ રહેલા હાડકાના ટૂકડાને પોતાની ચાંચ વડે બહાર ખેંચી કાઢ્યો. સાથે સાથે નીકળતી વખતે દાંતમાં ભરાવેલા લાકડાના ટૂકડાને પણ પાડી દીધો. આમ કરતા સિંહના ગળામાંથી હાડકાનો ટૂકડો પણ નીકળી ગયો અને પોતે સલામત રીતે બહાર પણ નીકળી ગયા. આમ કરવાથી સિંહનું દુઃખ અને શોક બંને ચાલ્યા ગયા. સિંહ અત્યંત પ્રસન્ન થયો. તેનાથી પણ વધારે બોધિસત્વ વધારે પ્રસન્ન થયા. કેમ કે, પારકાના દુઃખની સાથે તેની મુશ્કેલીને પણ દૂર કરવી તેમજ તેને સુખ પહોંચાડવું એ જ સજ્જનનો ધર્મ હોય છે.[4] સિંહે શતપત્રનો આભાર માન્યો અને પ્રસન્ન હૃદયવાળા બની ત્યાંથી વિદાય લીધી.

કાલાન્તરે એકવાર શતપત્ર વનમાં ચોતરફ ઘણું ફર્યા. પરંતુ ક્યાંયથી તેમને ખોરાક મળ્યો નહીં. પ્રદીપ્ત જઠરાગ્નિવાળા તેમણે ત્યારે પેલા સિંહને એક તાજા મારેલા હરણનો શિકાર કરતો જોયો. પૂર્વે તેની ઉપર તેમણે ઉપકાર કરેલો. પરંતુ લજ્જાવશ તેઓ કશું માગી શક્યા નહીં. 'કદાચ આ મને ભૂલી ગયો હશે!' એમ વિચારીને તેની આજુબાજુ ચક્કર મારવા લાગ્યા. પરંતુ પાષાણમાં જેમ બીજ અંકુરિત ન થાય તેમ કૃતઘ્ની એવો તે સિંહ તેમને અવગણીને શિકારમાં જ વ્યસ્ત રહ્યો. છેવટે ક્ષુધાગ્નિથી પીડાતા શતપત્રે યાચકવૃત્તિ આચરીને દાનરૂપે થોડો શિકાર માગ્યો. પરંતુ સિંહે તો ક્રૂરતા દાખવી તેમને અવગણવાનું આચરણ કર્યું. વધારામાં ત્રાંસી નજરે જોતા કહ્યું: 'પશુભક્ષી એવા મારા મુખમાં પ્રવેશીને તું જીવતો નીકળી શક્યો એ શું ઓછું છે ? માટે માંગણી કરીને મને પજવીશ નહીં. લાગે છે કે તું મારે હાથે મરવાનો થયો છે.' સિંહની આવી કર્કશ અને તિરસ્કૃત વાણી સાંભળી શતપત્ર ત્યાંથી ઊડી ગયા.

સિંહ અને શતપત્રનો આ સંવાદ તે વખતે એક વનદેવતા જોઈ રહ્યા હતા. તેમણે શતપત્રના ધૈર્યની કસોટી કરતા કહ્યું : 'હે પક્ષીશ્રેષ્ઠ, તમે આ દુરાત્માને શિક્ષા કેમ કરતા નથી ? સમર્થ હોવા છતાં કેમ તમે એની તિરસ્કારપૂર્ણ વાણી સહન કરો છો ? એની આંખો ફોડી નાંખીને એના ગર્વને કેમ તોડી નાખતા નથી ?' આમ, અનેક ઉશ્કેરણીજનક વચનો કહેવા છતાં શતપત્ર પોતાના ક્ષમાશીલ સ્વભાવને ધારણ કરી રહ્યા. છેવટે તેમણે કહ્યું,

आर्ते प्रवृत्तिः साधूनां कृपया न तु लिप्सया।
तामवैतु परो मा वा तत्र कोपस्य को विधिः॥16॥

અર્થાત્ 'સજ્જનો દુ:ખી વ્યક્તિને સહાય કરવાની જે પ્રવૃત્તિ કરે છે તે કૃપા કરવાની ઈચ્છાથી પ્રેરાઈને કરે છે, નહીં કે વળતો લાભ મેળવવાની ઈચ્છાથી. મેં (સિંહ ઉપર) કરેલી કૃપાને બીજો કોઈ માને કે ન માને પણ એમાં મારે કોપ કરવાની કોઈ આવશ્યક્તા નથી.'

શતપત્રની ઉપર્યુક્ત વાતમાં સજ્જન વ્યક્તિએ કરેલી સહાય અપેક્ષારહિત હોય છે એ વાત સ્પષ્ટ થાય છે.

ત્યારબાદ શતપત્ર વનદેવતાની આગળ જણાવે છે કે, 'ઉપકાર કરનાર વ્યક્તિ તો હંમેશાં ધર્મની સાથે જોડાયેલો હોય છે. (उपकर्ता तु धर्मेण योगः)' વળી,

कृतश्चेद्धर्म इत्येव कस्तत्रानुशयः पुनः।
अथ प्रत्युपकारार्थम् ऋणदानं न तत्कृतम्॥19॥

અર્થાત્ 'અન્ય ઉપર કરેલો ઉપકાર એ ધર્મ છે, એમ સમજીને જ્યારે મદદ કરી હોય ત્યારે એનો અનુતાપ શા માટે કરવો ? જો વળતા ઉપકારની આશાએ ઉપકાર કર્યો હોય તો એ તો કોઈના ઉપર ઋણદાન ચઢાવ્યું કહેવાય. એને કદાપિ ઉપકાર કર્યો એમ કહેવાતું નથી.'

શતપત્રની ઉપર્યુક્ત વાતમાં સજ્જને કરેલા ઉપકારને ધર્મ કહ્યો છે. અન્ય પરનો ઉપકાર એટલે ધર્મ, એવી નીતિમત્તા તત્કાલિક સમાજની હતી. એટલે કે પ્રત્યુપકારની અપેક્ષાએ કરેલો ઉપકાર ધર્મ મનાતો નહીં. એ તો કેવળ ઋણદાન છે. માટે મનુષ્યે હંમેશાં દયા અને કરુણા દાખવવા ધર્મનું પાલન કરવું જોઈએ. તેને જ સાચા અર્થમાં ઉપકાર કર્યો કહેવાય.

ત્યારબાદ આ વાતને દૃઢ કરતા શતપત્ર જણાવે છે કે, ‘જો પોતે સિંહ ઉપર વળતો પ્રહાર કરીને તેને નુકસાન પહોંચાડે તો એ તો દ્વિરદવૃત્તિ કહેવાશે.’ અર્થાત્ જેમ હાથી સરોવરના જળમાં સ્નાન કરીને શુદ્ધ થાય છે અને પછીથી સરોવરની બહાર આવીને પોતે  પોતાના પર જ ધૂળ ઊડાડે તેને દ્વિરદવૃત્તિ કહેવાય. આથી ઉપકાર કરીને યશશુદ્ધ બનેલો હું પોતે જ પોતાના અપકારકર્મથી શા માટે કૃતઘ્નીપણાને પામું ? માટે સજ્જને કદાપિ દ્વિરદવૃત્તિ આચરવી નહીં.

શતપત્ર છેલ્લે જણાવે છે કે કોઈ અસ્થિર ચિત્તવૃત્તિવાળો મનુષ્ય કરેલા ઉપકારને યાદ ન રાખે તો તેનાથી તેના ગુણની કાન્તિ વૃદ્ધિ પામતી નથી. એટલે કે તે ગુણજ્ઞ કહેવાતો નથી. પણ એના લીધે શું સભાન અને જ્ઞાની વ્યક્તિએ પણ પોતાના ઉન્નત થયેલા યશનો નાશ કરી દેવાનો ? કદાપિ નહીં. અહીં સિંહ ભલે મારો પૂર્વ-ઉપકાર ભૂલી ગયો પરંતુ એના લીધે ઉપકાર કરવાની સજ્જનતા હું છોડી શકું નહીં. તેમજ મારા પ્રાપ્ત થયેલા યશને વેડફી પણ શકું નહીં. આ સ્થિતિમાં યશોધન એવા મારે જરા પણ નિષ્ઠુર કે ક્રૂર બન્યા વિના શાન્તિ જાળવીને આ સ્થાનેથી ચાલ્યા જવું જોઈએ. એ જ સજ્જનને અનુરૂપ વર્તન છે.

આમ, શતપત્રે વનદેવતાને સજ્જનના બધા ગુણોનો અહેસાસ કરાવ્યો ત્યારે વનદેવાતાએ તેમને ગુણનિધિ એવા મુનિ કહીને નવાજ્યા અને પૂજા કરી અંતર્ધાન થયા.

સજ્જનના બધા જ ગુણોને વર્ણવતી ઉપર્યુક્ત વાર્તાના અન્તે બોધિસત્વે કહેલા બોધને આજના સમયે ઉપકારક બનાવવો હોય તો તેમાંથી કેટલીક વાત યથાર્થપણે સ્વીકારવી પડે. જેમ કે,

1. ઉપકાર કરનારા સજ્જને કદાપિ પ્રત્યુપકારની ઈચ્છા રાખવી નહીં, કેમ કે તેનાથી ક્યારેક તિરસ્કૃત થવાય છે. વળી, સજ્જને ઉપકારને પોતાનો ધર્મ માનીને આચરણ કરવું જોઈએ. એ દૃષ્ટિએ પણ धारणात् धर्मः એ ન્યાયે પણ કેવળ ધર્મને જ ધારણ કરવો જોઈએ. તો જ એવો ધર્મ સમાજ માટે સાચા અર્થમાં ઉપકારક બનશે. નીતિનાં આવાં મૂલ્યોનું આચરણ આજના સમયે થાય તો દુઃખથી પીડાતો બહુ મોટો સમાજ તેમાંથી ઉગરી જાય અને ભલે થોડો તિરસ્કૃત થયો હોય તો પણ સમાજનો બહુ મોટો વર્ગ સાચા અર્થમાં તિતિક્ષાપૂર્ણ સજ્જનતાના ગુણવાળો બનશે.
2. વાર્તાના પ્રારમ્ભે જ કહ્યું છે તે મુજબ ઉશ્કેરવામાં આવે તો પણ સજ્જન કદાપિ પાપ કરવા માટે પ્રવૃત્ત થતો નથી. કેમ કે, પાપ કે અનાચાર કરવાનો તેને કોઈ પૂર્વાભ્યાસ હોતો નથી. મનુષ્ય બોધિસત્વની આ વાતને ધ્યાનમાં લઈને પણ સજ્જન તરીકે જીવન જીવવાનું શરૂ કરે તો પણ शठं प्रति शाठ्यम् એવો આજના સમયમાં આચરવામાં આવતો અનાચાર કે દૂરાચાર અલ્પ અંશે પણ ઘટશે. વળી, સમાજમાં તિતિક્ષાવૃત્તિ અને ક્ષમાશીલતાનું પ્રમાણ વધશે.
3. સજ્જન તરીકે કોઈના ઉપર ઉપકાર કર્યા પછી પણ જો પ્રત્યુપકાર ન મળે તો તે સ્થિતિમાં પણ મનુષ્યે ક્રોધપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ નહીં. આજના ક્ષણક્રોધી-ક્ષણકોપી મનુષ્ય માટે સજ્જનનું આ લક્ષણ અત્યન્ત ઉપકારક બની રહે તેવું છે. આજનો મનુષ્ય પ્રત્યેક પળે બદલાની ભાવનાવાળો જ હોય છે. જો મનુષ્ય પ્રત્યુપકાર ન મળે તો તરત જ અશાન્ત કે ક્રોધી થઈ જાય છે. પરન્તુ એમ ન કરતા તે શાન્ત રહીને વ્યવહાર કરશે તો તેના માનસિક આવેગોનું શમન થશે, વેરવૃત્તિ ઓછી થશે અને સમાજ ભાઈચારાની ભાવનાવાળો, ઉમદા અને લાગણીશીલ બનશે. આ દૃષ્ટિએ શમ, તિતિક્ષા અને ક્ષમા પણ અનાયાસે વૃદ્ધિ પામશે.

4. સજ્જન વ્યક્તિ તરીકે કરેલા ઉપકાર ઉપર કદાચ કોઈ અપકાર કરે તો પણ સજ્જને દ્વિરદવૃત્તિ આચરીને પોતાના યશનો નાશ ન કરવો જોઈએ. આજકાલ દ્વિરદવૃત્તિ એ વ્યવહારવૃત્તિ બની ગઈ છે. સમાજ બોધિસત્વની વાર્તાઓમાંથી આ ગુણ સ્વીકારી લે તો પણ સજ્જન તરીકે તેનો આ એક ગુણ તેની હીનવૃત્તિઓને રોકવામાં ઉપયોગી બનશે. પ્રત્યેક ક્ષણે બદલો લેવા ટળવળતો મનુષ્ય યશભાગી બનશે અને સમાજમાં કાલાન્તરે પણ સમત્વનું વાતાવરણ સધાશે.

આમ, શતપત્રરૂપે અવતરેલા ભગવાન બોધિસત્વના કથાસાહિત્યમાંથી સજ્જન તરીકે જીવન જીવવાના કેટલાક ગુણોનું આકલન કરીને પણ મનુષ્ય કથાસાહિત્યના અભ્યાસને સાચા અર્થમાં સાર્થક કરી શકે છે.

## પાદટીપઃ

ગુજરાત સાહિત્ય અકાદમી અને શ્રીમતી એ.પી. પટેલ આર્ટ્સ અને એન.પી.પટેલ કોમર્સ કોલેજ નરોડાના સંયુક્ત ઉપક્રમે આયોજિત 'गद्य साहित्य में निरुपित नैतिक मूल्यों – आधुनिक परिप्रेक्ष्य में' વિષયક એક દિવસીય રાષ્ટ્રિય પરિસંવાદમાં પ્રસ્તુત કરેલો શોધલેખ. તા. 3 જાન્યુઆરી, 2017, અમદાવાદ.

I. જાતકમાલાઃ સંપાદકઃ ડો. વસન્તકુમાર ભટ્ટ, પ્રકાશકઃ સરસ્વતી પુસ્તક ભન્ડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, સન્. 2004-05, પૃ. 5, પ્રસ્તાવના.
II. જાતકમાલાઃ એજન, પૃ. 22-23
III. જાતકમાલાઃ એજન, પૃ. 93-107 (અનુવાદ વિભાગ)
IV. જાતકમાલાઃ

प्रसाध्य सौख्यं व्यसनं निवर्त्य वा
सहापि दुःखेन परस्य सज्जनः।
उपैति तां प्रीतिविशेष सम्पदं न
यां स्वसौख्येषु सुखागतेष्वपि॥8॥

V. જાતકમાલાઃ એજન પૃ. 10

पथ्यमस्तु मृगेन्द्राय विक्रमार्जितवृत्तये।
अर्थिसम्मानमिच्छामि त्वद्यशः पुण्यसाधनम्॥12॥

a. જાતકમાલાઃ એજન, પૃ. 102
b. જાતકમાલાઃ એજન, પૃ. 102
c. જાતકમાલાઃ એજન, પૃ. 104
d. જાતકમાલાઃ એજન, પૃ. 104

***************************************************************************

ડૉ. મહેશ એ. પટેલ
ગુજરાત વિનયન અને વાણિજ્ય કોલેજ(સાંજ)
અમદાવાદ

Copyright © 2012- 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat